# ફ્લિપકાર્ટ આ તહેવારની સિઝન પહેલા કરોડો ગ્રાહકોને સમગ્ર દેશના ફર્નિચર બનાવનારા સમુદાયની સાથે જોડશે

## ચુરુ (રાજસ્થાન)થી સાહારનપુર (યુપી) સુધીના માઇક્રો, નાના અને મધ્યમ ફર્નિચર ઉત્પાદકો ફ્લિપકાર્ટ પર તેમના વેચાણ ઓફર કરશે

બેંગ્લુરુ- ઓક્ટોબર, 12, 2020: ફ્લિપકાર્ટ, દેશની અગ્રણી ઇ-કોમર્સ માર્કેટપ્લેસ,એ આ તહેવારોની સિઝન અને બિગ બિલિયન ડેઝ પહેલા સમગ્ર દેશના ઘણા માઇક્રો, નાના તથા મધ્યમ ફર્નિચર બનાવનારા સમુદાયને કરોડો ગ્રાહકોની સાથે જોડવા માટે ઓનબોર્ડ લીધા છે. આ સમુદાય ચુરુ (રાજસ્થાન), સાહારનપુર (યુપી), જબલપુર અને ઇંદોર (એમપી) તથા સુરત (ગુજરાત) સુધી ફેલાયેલા કેટલાક નામો છે, જે ખાસ લાકડા, મેટલ અને પ્લાસ્ટિકના ફર્નિચરની સાથે જોડાયેલા છે.

આ પ્રક્રિયાના ભાગરૂપે, ફ્લિપકાર્ટે સમગ્ર સમુદાયને તેમના વેચાણકર્તાની સાથે જોડવા જેમનાથી તેઓ આ મોટી પૂરવઠા ચેઇનનો હિસ્સો બને તેના માટે નાના પીકઅપ હબ્સ તૈયાર કર્યા છે, જે તેમને સમગ્ર દેશના ગ્રાહકોના બેઝ સુધી પહોંચવામાં મદદ કરશે. આ અત્યંત જરૂરી છે, કારણકે મોટાભાગના વેચાણકર્તાઓ માઇક્રો લેવલ પર કામ કરે છે, જેઓ તેમની મર્યાદિત ક્ષમતાને તથા બેન્ડવીથને  અભાવે તેઓ તેમના સમુદાયથી બહાર તેમના વિસ્તરણ માટે તેઓ મોટી સંખ્યામાં ગ્રાહકો સુધી પહોંચી શકતા નથી.

ફ્લિપકાર્ટની સાથે ઓનબોર્ડિંગથી તેઓ, ફ્લિપકાર્ટ ઓનબોર્ડિંગ સપોર્ટ, ટેકનિકલ નિષ્ણાંત, ગ્રાહક ઇનસાઇટ્સનો લાભ લઈ શકશે અને માર્કેટપ્લેસ પર સમૃદ્ધ બિઝનેસ વૃદ્ધિ તથા સાતત્યતામાં વધારો કરી શકશે.

મનિષ કુમાર, સિનિયર વાઈસ- પ્રેસિડેન્ટ, બીજીએમએત, ફર્નિચર અને ગ્રોસરી, ફ્લિપકાર્ટ કહે છે, “ભારતના ધમા ફર્નિચર બનાવનારા સમુદાય અધિકૃત, સ્વદેશી ફર્નિચર વસ્તુઓ ઓફર કરે છે તથા તે સ્થાનિક અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર યોગદાન આપે છે. જો કે, માર્કેટ એક્સેસનો અભાવ મોટા ગ્રાહક આધારની સેવા કરવાની તેમની ક્ષમતાને પ્રતિબંધિત કરે છે. એક હોમગ્રાઉન ઇ-કોમર્સ માર્કેટપ્લેસ તરીકે, અમારો પ્રયત્ન હંમેશા તેમને સમગ્ર દેશના કરોડો ગ્રાહકોની સાથે જોડીને આ

વેચાણકર્તાઓને સપોર્ટ કરવાનો છે અને તેમને તેમના બિઝનેસને આગળ વધારવાનો છે. આ તહેવારોની સિઝન અને બિગ બિલિયન ડેઝ પહેલા તેમને તેમના બિઝનેસને જીવંત કરવાનો, જેમાં કોવિડ-19 રોગચાળાને લીધે અસર થઈ છે.”

ઘરેથી શિક્ષણ અને કામના લીધે ઓનલાઈન ફર્નિચર ઉદ્યોગે તેની સમગ્ર શ્રેણીમાં માંગમાં ઉછાળો જોવા મળ્યો છે, આ વેચાણકર્તાનું ઓનબોર્ડિંગ આવવુંએ બજારને માંગની સાથે ઉભું કરવામાં સાથોસાથ તે વ્યાજબી ગુણવત્તાસભર અને વ્યાજબીદરનું ફર્નિચર ગ્રાહકોને મેળવવામાં મદદ કરે છે. આ માંગએ ધીમે-ધીમે અન્ય શ્રેણી જેવા કે, લિવિંગ અને બેડરૂમ ફર્નિચરમાં ફેલાઈ છે, જેનાથી તે વિક્રેતાઓ માટે મોટી તક લઈને આવી છે.

ફ્લિપકાર્ટ ખાતે ફર્નિચરની પસંદગીનું વિસ્તરણ તેમાં વધુ ફાળો આપશે, જે હાલમાં 3.5 લાખ પ્રોડક્ટ્સથી વધુનું છે અને તે સમગ્ર દેશમાં 100 ટકાથી વધુ સર્વિસેબલ પીનકોડમાં ડિલિવર થાય છે, તેની સાથે 9000 મુખ્ય પિનકોડ્સમાં ઇન્સ્ટોલેશન સર્વિસીસનો સમાવેશ પણ થાય છે. આગળ ફ્લિપકાર્ટ પે લેટર, નો કોસ્ટ ઇએમઆઇ અને ડેબિટ કાર્ડ ઇએમઆઇની જેવા વ્યાજબી પેમેન્ટ ચુકવણી પણ તેને મદદ કરે છે.

આ મૂવ સરકારની ‘આત્મનિર્ભર ભારત’ના અવાજને કે પછી સ્વનિર્ભર ભારતને પણ સાંકળે છે અને ફ્લિપકાર્ટનો હેતુ માઇક્રો, નાના તથા મધ્યમ વેચાણકર્તાઓને સશક્ત કરવાનો છે, જે દેશના અર્થતંત્રનો આધારસ્તંભ છે. સરકારે એ પણ જાહેર કર્યું છે કે, તેમને સ્થાનિક ઉત્પાદન ક્ષમતાને વેગ આપવા માટે 10 ક્ષેત્રના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, તેમાંનું એક ફર્નિચરનું પણ છે.

**About the Flipkart Group**

The Flipkart Group is one of India’s leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, and PhonePe. Started in 2007, Flipkart has enabled millions of consumers, sellers, merchants and small businesses to be a part of India’s e-commerce revolution. With a registered customer base of over 200 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratize e-commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem and empower generations of entrepreneurs and MSMEs has driven us to innovate on many industry firsts. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians. Together with Myntra, which holds a prominent position in the

online fashion market, and PhonePe, India’s fastest growing digital payments platform, the Flipkart Group is steering the transformation of commerce in India through technology.

**For more details contact: media@flipkart.com**